**સી.પી. પટેલ એન્ડ એફ .એચ .શાહ કોમર્સ કોલેજ, આણંદ**

**પ્રેસ નોટ**

સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ .એચ .શાહ કોમર્સ કોલેજ દ્વારા તારીખ ૨૯-૦૭-૨૦૧૯ ને સોમવાર ના રોજ આપણાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ ના સ્ટાર્ટ અપ ઈન્ડિયા ના ભાગ રૂપે "સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પોલિસી" વિષય પર એક દિવસીય સ્ટેટ લેવલ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી એન્ડ સેક્રેટરી શ્રી બી.એન.પટેલ , જોઇન્ટ સેક્રેટરી શ્રી રમેશભાઈ પટેલ , આચાર્ય શ્રી ડૉ.આર.ડી.મોદી સાહેબ , એસએસઆઇપી કો-ઓર્ડીનેટર ડો. નયનભાઈ પટેલ , સ્ટાફ મિત્રો અને સાથે ઘણાં બધાં વિધાર્થીઓ એ હાજરી આપી હતી અને આ કાર્યક્રમનો આનંદ માણ્યો હતો. કાર્યક્રમના મુખ્ય વક્તા મિસ્ટર જિગર જીવાની (પ્રોજેકટ મેનેજર એસ. એસ. આઇ. પી) અને ડો. ધારા ઠાકોર (રિસર્ચ એસોશિએટ – આઇ હબ) હતા. તેઓના ઉદબોધન અને પ્રાયોગિક ઉદાહરણ દ્વારા વિદ્યાર્થીઓને ઘણી બધી અગત્યની માહિતી જાણવા મળી હતી. જીવનમાં કઈ રીતે પોતાના પગ પર ઊભા રહેતા શીખવું અને પોતાનો ઉધ્યોગ કેવી રીતે સ્થાપન કરવો જેની સમજ આપી હતી. આ કાર્યક્રમ માં આણંદ તથા વિવિનગર ની વિવિધ કોલેજોમાથી ૪૦૦ થી વધારે વિધાર્થીઓ એ ભાગ લીધેલ હતો. ને પ્રસંગ કોલેજ માટે અભૂતપૂર્વ સફળતા સમાન છે. આ કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન એસએસઆઇપી ના કમેટી મેમ્બર્સ (મિસ્ટર હર્ષિત જૈન , ડૉ મેહુલ પટેલ , ડૉ દિવ્યાંગ વ્યાસ , ડો. બ્રિજેશ વાળંદ અને મિસ્ટર કલ્પેશ પ્રજાપતિ) દ્વારા કરવામાં આવેલ હતું.








